સરકારી અને રજીસ્ટ્રર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની પસંદગી માટેની કાર્યરીતીના સુધારેલ નિયમો,૨૦૧૬..

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવક્રમાંક: બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૪/૨/૨૦૧૬.

વંચાણેમાં લીધા:-

(૧) શિક્ષણ વિભાગનું તારીખ: ૧૧/૨/૨૦૧૧નું જાહેરનામું ક્રમાંક: જીએચ/ એસએચ/ બમશ/ ૧૧૦૯/૧૯૦૬/ગ.

(૨) શિક્ષણ વિભાગનું તારીખ: ૪/૬//૨૦૧૧નું જાહેરનામું ક્રમાંક: જીએચ/ એસએચ/ બમશ/ ૧૧૦૯/૧૯૦૬/ગ.

(૩) શિક્ષણ વિભાગનું તારીખ: ૧૮/૪/૨૦૧૨નું જાહેરનામું ક્રમાંક: જીએચ/ એસએચ/ બમશ/ ૧૧૦૯/૧૯૦૬/ગ.

ઠરાવ:-

વંચાણે લીધેલ ક્રમાંક(૧) અને (૩)ના જાહેરનામામાનાં નિયમ -૧૧ના પેટાનિયમ (૭), (૮) અને (૯)માં સફળ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવાની અને ત્યાર બાદ ૧૦% પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની અને આ પ્રતિક્ષા યાદી, પરિણામની તારીખથી બે વર્ષની મુદત સુધી અથવા બીજી પસંદગી પ્રક્રિયાની જાહેરાતની તારીખ સુધી . તે બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રાખવાની જોગવાઇ છે

આ જોગવાઇઓમાં વિભાગના તારીખ:૨૩/૨/૨૦૧૬ના સુધારા જાહેરનામા ક્રમાંક: જીએચ/ એસએચ/ ૭/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/ગ અને જીએચ/ એસએચ/૮/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/ગ થી નિયમ-૧૧ના પેટા નિયમ (૭), (૮) અને (૯) માટે જે સુધારો બહાર પાડવામાં આવેલ છે તે અન્વયે પ્રતિક્ષાયાદીના સંદર્ભમાં નીચે પ્રમાણેની કાર્યપ્રણાલી અનુસરવાનું ઠરાવવામાં આવે છે.

પસંદગી સમિતિએ, ઉપરના પેટા-નિયમો (૪) અને (૫) હેઠળ તૈયાર કરેલી સફળ ઉમેદવારોની યાદીથી તમામ જગ્યાઓ ભરાઇ ગયા બાદ, તૈયાર થયેલ સફળ ઉમેદવારની બાકી રહેલ યાદીમાંથી ૧૦ % જેટલી સંખ્યામાં ઉમેદવારોના નામ દર્શાવતી, વિષયવાર અને કક્ષાવાર પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની રહેશે

ઉ.દા.તરીકે --

ગુજરાતી વિષયની કુલ-૧૮૫ જગ્યા છે. સમિતિએ કક્ષાવાર ૧૮૫ ઉમેદવારોને જગા ફાળવી આપી પરંતુ તેમાંથી ૨૦ ઉમેદવાર હાજર થતા નથી. તેથી બાકી રહેતી યાદીમાંથી પ્રથમ ૨૦ ઉમેદવાર ફાળવી આપતા તેમાંથી ૦૫ ઉમેદવાર

હાજર ન થાય તો ફરી ૦૫ ઉમેદવાર ફાળવી આપવા. આમ કુલ જગ્યાઓ ભરવા માટે ક્રમશઃ નીચે ઉતરી કુલ જગાઓ ભરાયા બાદ ૧૦ % (૧૯)પ્રતિક્ષાયાદી બનાવવાની રહેશે. આ પ્રતિક્ષાયાદી જાહેરાતમાં દર્શાવેલ જગ્યા ખાલી પડે તેના માટે જ ઉપયોગમાં લઈ શકાશે. નવી ઉભી થતી અન્ય જગ્યાઓ જેમ કે ખાલી પડતી જગ્યા વગેરે માટે ઉપયોગમાં લઈ શકાશે નહી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એમ.ટી.શાહ

(એમ.ટી. શાહ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

નામ. રાજયપાલના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી,શિક્ષણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર.
માન. રા.ક. મંત્રીશ્રી,પ્રા.,મા.અનેપ્રો.શિક્ષણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૨, સચિવાલય, ગાંધીનગર.
માન. રા.ક. મંત્રીશ્રી,ટેકનીકલ શિક્ષણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૨, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી,(નાણાં.)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી,(શિક્ષણ.)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી,(ટે.શિ.))ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, શાળાઓ,, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
મહાલેખાકારશ્રી, અમદાવાદ /રાજકોટ/
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર,
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,(કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી મારફતે)
એકઝામીનરશ્રી, લોકલફંડ ઓડિટ, ગાંધીનગર.
નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
સીલેકટ ફાઇલ.